ફોન નં.(૦૨૭૮)૨૫૨૧૭૬૦,૨૫૨૧૭૬૧, ૨૫૨૧૭૬૨ ફેકસ નં. (૦૨૭૮) ૨૫૨૧૭૬૩

# પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ

## ગ્રાહક તકરાર નિવારણ ફોરમ

ઝોનલ કચેરી, "વીજ સેવા સદન", ચાવડી ગેટ,ભાવનગર.
CIN : U40102GJ2003SGC042908
e-mail: forumbhavnagar.pgvcl@gebmail.com

ક્રમાંક: બીઝેડ/ફોરમ/૫૩/૧૮-૧૯/ 4443 તારીખ : 1 OCT 2018

પ્રતિ,

કેસ ન. ૫૩/૧૮-૧૯.

**શ્રી બારેયા નાથાભાઈ હાજાભાઇ,**
નદીના સામે કાંઠે, સોદ્બાદરી નો સીમાડો,
મુ. ખાટસુરા,
તા : મહુવા જી. ભાવનગર.
મો : ૯૮૮૭૫૧૬૪૫૯.

વિષય : નવા ખેતીવાડી વીજ વપરાશના કનેક્શન બાબત.

સંદર્ભ : આપનો પત્ર તા : ૧૧.૦૬.૧૮.

(૧) અત્રેની કચેરીનો પત્ર નં. બીઝેડ/ફોરમ/૫૩/૧૮–૧૯/૨૭૬૭ તા.૨૧.૦૬.૧૮.

(૨) અત્રેની કચેરીનો પત્ર નં. બીઝેડ/ફોરમ/૫૩/૧૮–૧૯/૩૯૬૭ તા.૦૪.૦૯.૧૮.

શ્રીમાન,

આપશ્રીની, ઉપરોકત વિષયના સંદર્ભમાં આપના દવારા ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ, ભાવનગર સમક્ષ કરેલ રજુઆતના સંદર્ભમાં આપશ્રીને ફોરમ સમક્ષ **તા.૧૫/૦૯/૨૦૧૮** નાં રોજ સાંભળવામાં આવેલ. જેના સંદર્ભમાં ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ દવારા આપવામાં આવેલ ચુકાદો આ સાથે સામેલ છે.

આપશ્રીની જાણ સારૂ.

( એમ.પી. સોલંકી )
કન્વીનર,
ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ
પીજીવીસીએલ., ઝોનલ કચેરી ભાવનગર.

બિડાણ:– ઉપર મુજબ.

પ્રતિ: કાર્યપાલક ઇજનેરશ્રી,
પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ
વિભાગીય કચેરી, મહુવા.

*........ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગના જાહેરનામા નં. ૨/૨૦૧૧ની કલમ નં. ૨.૫૨ મુજબ સદર હુકમનાં પાલન અંગે થયેલ કાર્યવાહીનો જરૂરી અહેવાલ અત્રેની ફોરમ કચેરીને ફરજીયાત પાઠવવાનો રહેશે.*

**નકલ રવાના:–**
૧) શ્રી અધિક્ષક ઈજનેર,પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ, વર્તુળ કચેરી, ભાવનગર.
૨) શ્રી નાયબ ઈજનેર,પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ, પેટા વિભાગીય કચેરી, આર-૨ મહુવા.
...આપની જાણ તથા જરૂરી કાર્યવાહી અર્થે.

Grievance Redressal Forum P.G.V.C.L. Bhavnagar

(ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ,પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ,ભાવનગર સમક્ષ)

ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ,
પ.ગુ.વી.કં.લિમીટેડ, ઝોનલ ઓફિસ,
"વીજ સેવા સદન", ચાવડી ગેટ,
ભાવનગર.

☞ કેઈસ નંબર - ૫૩/૧૮-૧૯ ☜

વાદી :- **શ્રી બારેયા નાથાભાઈ હાજાભાઇ**

◈ **વિરૂધ્ધ** ◈

પ્રતિવાદી :- પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ

◈ રજુઆતની તારીખ:- ૧૫/૦૯/૨૦૧૮ ◈

હાજર રહયા :- શ્રી હરેશભાઈ નાથાભાઈ બારેયા- પુત્ર.

પ્રતિવાદી :- શ્રી એચ.એન શાહ, કાર્યપાલક ઈજનેર, વિભાગીય કચેરી, મહુવા.

(પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ વતી)

**શ્રી બારેયા નાથાભાઈ હાજાભાઇ**, મુ.ખાંટસુરા, તા.મહુવા જી.ભાવનગરની નવા ખેતીવાડી વીજ જોડાણ આપવા બાબતની રજુઆત કન્વીનરશ્રી, ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ, ભાવનગરને મળતાં, ફોરમે તેનાં ફરિયાદ રજીસ્ટરમાં ક્રમાંક : ૫૩ / ૧૮-૧૯ થી નોંધી તેનાં યોગ્ય નિરાકરણ માટે અધિક્ષક ઈજનેરશ્રી, વર્તુળ કચેરી, ભાવનગરને પત્ર નં.બીઝેડ/ફોરમ/ ૫૩/ ૧૮-૧૯/ ૨૭૬૭ તા.૨૧.૦૬.૧૮ થી વાદીશ્રીની જાણ હેઠળ મોકલી આપેલ.

આમ છતાં, ફોરમે વાદીશ્રીને તેમની ફરિયાદ બારામાં લેખીત / મૌખીક રજુઆત કરવા તા.૧૫/૦૯/૨૦૧૮ નાં રોજ ઉપસ્થિત રહેવા જણાવેલ. જેમાં વાદી વતી શ્રી હરેશભાઈ નાથાભાઈ બારેયા- પુત્ર હાજર રહેલ તથા પ્રતિવાદી શ્રી એચ.એન શાહ, કાર્યપાલક ઈજનેર, વિભાગીય કચેરી, મહુવા, ઉપસ્થિત રહેલ.

☞ **વાદીશ્રીની રજુઆત:- ફોરમને કરેલ લેખિત અરજી મુજબ રજુઆત છે કે...**

૧.૧ અમો અરજદાર બારૈયા નાથાભાઈ હાઝાભાઈ મહુવા તાલુકાના ખાટસુરા ગામે રહીએ છીએ.

૧.૨ અમારી ખેતીવાડી ખાટસુરા ગામના ખાતામાં સર્વે નંબર ૩૮/32/P2 થી ખેતીવાડી જમીન ધરાવીએ છીએ.અમારા દ્વારા તા:૧૨.૧૨.૨૦૧૪ ના રોજ રસીદ નંબર ૮૯૩૫૩૨ થી રૂ.૨૦૦ ભરી ખેતીવાડી નવું કનેક્શન મેળવવા માટે અરજી કરેલ હતી.

-૨-

Grievance Redressal Forum P.G.V.C.L. Bhavnagar

૧.૩ ત્યારબાદ કંપનીની પ્રયોરીટી મુજબ અમારો વારો આવતા કમ્પનીના કર્મચારી અમારી વાડીયે સર્વે કરવા આવેલ અને સર્વે કામગીરી પૂર્ણ કરેલ અને સર્વે પણ કંપનીના નિયમાનુસાર કરવામાં આવેલ જે સર્વે કરેલ તે કોઇને નડતરરૂપ ન થાય તે રીતે પડતર સરકારી જમીનમાં કરવામાં આવેલ છે.

૧.૪ ત્યારબાદ કંપની દ્વારા અમોને જાવક નંબર ૧૧૬૬ થી તા:૨૩.૨.૨૦૧૮ ના રોજ અમોને અંદાજપત્રક રૂ.૭,૮૫૩ નું પાઠવવામાં આવેલ. જે અંદાજપત્રક અમો દ્વારા તા:૨૩.૩.૨૦૧૮ ના રોજ રસીદ નંબર ૪૧૬૭૯૫,૯૬,૯૭ થી રૂ.૭,૮૫૩ ભરપાઈ કરવામાં આવેલ.અને ટેસ્ટરીપોર્ટ ના નાણા પણ રૂ.૨૦ તા:૨૩.૩.૨૦૧૮ ના રોજ રસીદ નંબર ૪૧૬૭૯૮ થી ભરપાઈ કરવામાં આવેલ.

૧.૫ ત્યારબાદ કંપનીના નીયમાંનુંસાર કોન્ટ્રાકટરના માણસો અમારી વાડીયે પોલ ઉભા કરવા આવેલ જે સમયે અમારા પોલ ઉભા કરવા આવેલ તે સમયે અમારા શેઢા પડોશી ચીથરભાઈ સોંડાભાઈ દ્વારા દબાણ ની જમીનમાં પોલ લગાડવા વાંધો ઉભો કરેલ અને પોલ લગાડવા દીધેલ નહિ,અને કોન્ટ્રાકટર ના માણસો જતા રહેલ હાલ સદર વાતને બે મહિના થયેલ છે જો અમારો વાંધો સોલ્વ થઇ જાય તો બીજા બે ખેડૂત ને જે વાંધાઓ પડેલ છે તે પણ સુધરી જાય તેમ છે.

૧.૬ આવી રીતે શેઢા પડોશી વાંધો પાડે તો અધિકારીઓ સ્થળ ઉપર મુલાકાત લેતા નથી.જો શેઢા પડોશીના ઝાડ નડતર રૂપ થતા હોય તો ત્રણ થી ચાર ગાળામાં કેબલ લગાવી લાઈન ચાલુ કરી આપવી જોઈએ અને જો મારો વાંધો સુધરે તો બીજા બે ખેડૂતોના કનેક્શન ચાલુ થાય તેમ છે. જો અધિકારી સ્થળ પર આવી વાંધો સોલ્વ કરે તો કનેક્શન ચાલુ થાય તેમ છે.

૧.૭ આપ સાહેબને અમારી નમ્ર અરજ છે કે અમારું ખેતીવાડીનું નવું કનેક્શન લગાડવા હુકમ કરવા વિનંતી છે.

☞ <u>પ્રતિવાદીશ્રીની રજુઆત:– તેમની રજુઆત છે કે,</u>

૨.૧ સદર અરજદાર બારૈયા નાથાભાઈ હાઝાભાઈ મહુવા તાલુકાના ખાટસુરા ગામે રહે છે. તેમની ખેતીવાડી ખાટસુરા ગામના ખાતામાં સર્વે નંબર ૩૮/32/P2 થી ખેતીવાડી જમીન તેઓ ધરાવે છે તેમના દ્વારા નીચેની વિગતથી ખેતીવાડી નવું કનેક્શન મેળવવા માટે અરજી કરેલ છે.

૨.૨ અરજદારનું નામ: બારૈયા નાથાભાઈ હાઝાભાઈ.
અરજી કર્યા તારીખ: ૧૨.૧૨.૨૦૧૪.
ગામ: ખાટસુરા.જમીન સર્વે નંબર: 38/3P2/P2.
રસીદ ન. ૮૯૩૫૩૨.
રૂપિયા:૨૦૦.
સ્કીમ:.SPA.

૨.૩ ત્યારબાદ કંપનીની પ્રયોરીટી મુજબ તેમનો વારો આવતા કમ્પનીના કર્મચારી તેમની વાડીયે સર્વે કરવા ગયેલ અને સર્વેની કામગીરી પૂર્ણ કરેલ અને તેમને નીચેની વિગતથી અંદાજપત્ર પાઠવવામાં આવેલ.

- ➢અરજદારનું નામ: બારૈયા નાથાભાઈ હાઝાભાઈ .
- ➢ગામ: ખાટસુરા.
- ➢સર્વે નંબર: 38/3P2/P2..
- ➢અંદાજપત્રક નંબર અને તારીખ :ન.૧૧૬૬ ,તા:૨૩.૦૨.૨૦૧૮.

Grievance Redressal Forum P.G.V.C.L. Bhavnagar

૨.૪ ત્યારબાદ સદર અંદાજપત્રક અરજદાર દ્વારા નીચેની વિગતથી ભરપાઈ કરવામાં આવેલ છે.

- ➢અરજદારનું નામ: બારૈયા નાથાભાઈ હાઝાભાઈ.
- ➢ગામ: ખાટસુરા.
- ➢સર્વે નંબર: 38/3P2/P2.
- ➢અંદાજપત્રક ભરપાઈ કર્યા તારીખ:૨૩.૩.૨૦૧૮.
- ➢રસીદ નંબર:૪૧૬૭૯૫,૯૬,૯૭.

૨.૫ ત્યાર બાદ અરજદાર દ્વારા ટેસ્ટરિપોર્ટ નીચીની વિગતથી ભરપાઈ કરવામાં આવેલ છે.

ટેસ્ટરિપોર્ટ: રસીદ નંબર:૪૧૬૭૯૮ તારીખ:૨૩.૩.૨૦૧૮,રકમ રૂ.:૨૦/- રૂપિયા.

સદર કામગીરી મહુવા ગ્રામ્ય-૨ વીજકચેરીના કોન્ટ્રાકટર શ્રી એમ.પી.સરવૈયા ને સોંપવામાં આવેલ અને તેમના દ્વારા તા:૨૬.૫.૨૦૧૮ ના રોજ તેમના માણસો સદર લાઈન કામ કરવા મોકલેલ ત્યારે તેમના બાજુના શેઢા પડોશી શ્રી સોલંકી ચીથરભાઈ સોંડાભાઈ દ્વારા વાંધો ઉભો કરી કામમાં રુકાવટ કરેલ અને કામગીરી અટકાવેલ.

૨.૬ ત્યારબાદ તેમની વાડીએ ફરીવખત મહુવા ગ્રામ્ય-૨ ના જુ.ઈ.શ્રી એ.કે.મહેતા તથા તેમના લાઈનસ્ટાફ સદર વાંધા નુ નીરાકરણ કરવા તા:૨૬.૬.૧૮ ના ગયેલ ત્યારે પણ શેઢા પડોશી ચીથરભાઈ સોંડાભાઈ દ્વારા કોન્ટ્રાકટરના માણસો સામે તેમની વાડી એ પોલ ઉભો કરવામાં વાંધો કરેલ અને લાઈન કામ કરવા દીધેલ નહિ.

૨.૭ ત્યારબાદ તેમની વાડીયે ફરીવખત મહુવા ગ્રામ્ય-૨ ના જુ.ઈ.શ્રી એ.કે મહેતા દ્વારા તા:૧૦.૯.૨૦૧૮ ના રોજ સદર અરજદાર ની વાડી એ બીજી બાજુથી લાઈન આવી સકે તેમ હોઈ તેમ રી-સર્વે કરવા માં આવેલ પરંતુ તેમાં શેઢા પાડોશી જીતુભાઈ મગનભાઈ દ્વારા તેમની વાડી ના શેઢા પર થાંબલા ઉભા કરવાનો વાંધો જણાવેલ. તેથી ત્યાંથી પણ સદર કેસનું નિરાકરણ થઇ શકે તેમ નથી. વધુ માં અરજદાર દ્વારા શેઢા પડોશીના ઝાડ નડતર રૂપ થતા હોય તો ત્રણ થી ચાર ગાળામાં કેબલ લગાવી લાઈન ચાલુ કરી આપવી તેવી અરજી કરેલ પરંતુ કેબલ નો ખર્ચ તથા ખેતીવાડી લાઈન ના એમ્પયર જોતા તાંત્રિક દ્રષ્ટિ એ તથા કંપની ના નિયમ અનુસાર ખેતીવાડી માં કે બળનો ઉપયોગ શક્ય નથી.

૨.૮ વધુ માં તા:૧૪/૭/૨૦૧૮ ના રોજ મહુવા માં અતિવૃષ્ટિ વરસાદ ના કારણે મહુવા ગ્રામ્ય-૨ કચેરી માં અંદાજીત ૨૫૦ થાંભલાની તથા લાઈન નુ નુકસાન થયેલ હોઈ સદર લાઈન નુ પાવર રિસ્ટોરેશન ના કામ નુ અગ્રતા સમજી સદર કામ માટે મેનપાવર ડાયવર્ટ કરેલ જેમાં અંદાજીત ૧ મહિના સુધી નો સમય લાગેલ, જેના કારણે સદર કામ માં મોડુ થયેલ છે.

૨.૯ સદર કેસમાં જે વાંધો પાડનાર વ્યક્તિ છે તેના ખેતર માંથી લાઈન ઉભી કરવાની છે તેથી સદર કેસ માટે પોલીસ બંદોબસ્ત રાખી સદર કામગીરી દિન ૧૫ માં મહુવા ગ્રામ્ય-૨ વીજકચેરી દ્વારા પૂર્ણ કરવાનો પ્રયાસ કરશે અન્યથા સદર કેસ કલેકટરશ્રી ની કચેરી સમક્ષ મહુવા ગ્રામ્ય-૨ કચેરી દ્વારા મૂકી દેવામાં આવશે.

☞ **<u>ફોરમનું તારણ</u>** :– વાદી અને પ્રતિવાદીની રજુઆત ઉપરથી નીચે મુજબ તારણ નીકળે છે.

3.1 વાદી અરજદાર બારેયા નાથાભાઈ મહુવા તાલુકાના ખાંટસુરા ગામમાં તા. ૧૨.૧૨.૧૪ના રોજ નવા ખેતીવાડી વીજ જોડાણ માટે અરજી નોંધણી કરાવેલ છે. જે માટે પ્રતિવાદીએ આપેલ અંદાજપત્ર વાદી દ્વારા તા. ૨૩.03.૧૮ના રોજ ભરપાઈ કરવામાં આવેલ.

-૪-

Grievance Redressal Forum P.G.V.C.L Bhavnagar

3.૨ વાદીએ માંગેલ નવા ખેતી વીજજોડાણ માટે પ્રતિવાદી દ્વારા તા. ૨૬.૦૫.૧૮ના રોજ લાઈન કામ માટે કોન્ટ્રાક્ટરના માણસોને મોકલેલ ત્યારે વાદીની જમીનની બાજુની જમીનના માલિક સોલંકી ચીથડભાઈએ વાંધો ઉભો કરી લાઈન કામ અટકાવેલ, આથી વાદીના વીજ જોડાણનું કામ આગળ થઇ શકેલ નહિ.

3.3 પ્રતિવાદીએ આ માટે રી-સર્વે પણ કરેલ છે પરંતુ વાદીના વીજ જોડાણની કામગીરી શરુ કરેલ નથી.

3.૪ બાજુની જમીનની માલિકીવાળાનો વાંધો રજુ કરી તા. ૨૬.૦૫.૧૮ના રોજ કામ અટકાવ્યા બાદ પ્રતિવાદી દ્વારા લાઈન કામ અંગેની કાર્યવાહી હાથ ધરાયેલ નથી.

3.૫ પ્રતિવાદીને સુચના આપવામાં આવે છે કે વાદીએ માંગેલ નવા ખેતીવાડી વીજજોડાણ માટેનું લાઈન કામ તાત્કાલિક શરુ કરી અને દિવસ-૩૦માં પૂર્ણ કરી વાદીનું વીજજોડાણ ચાલુ કરી આપવું.

## –:: હુકમ ::–

- **વાદીની રજુઆત, પ્રતિવાદીની રજુઆત તેમજ ફોરમ સમક્ષ રજુ થયેલ દસ્તાવેજી પુરાવા અને ઉપરના તારણો પરથી તારણ નં. " ૩.૫ મુજબ હુકમ કરવામાં આવે છે."**

- સદર હુકમ સામે વાદીશ્રીને વાંધો કે તકરાર હોય તો આ હુકમ મળ્યે દિવસ–૩૦ માં વિદ્યુત લોકપાલશ્રીની કચેરી, બ્લોક નં.૩, પોલીટેકનીક કંમ્પાઉન્ડ, આંબાવાડી, અમદાવાદ સમક્ષ અપીલ કરી શકે છે.

| | | |
|---|---|---|
| **(બી. જે. દવે)**<br>**સ્વતંત્ર સભ્યશ્રી** | ગેરહાજર<br>**(પી. એચ. માવાણી)**<br>**ટેકનીકલ સભ્યશ્રી** | **(એમ. આર.વજરીયા)**<br>**અધ્યક્ષશ્રી,**<br>**ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ**<br>**પ.ગુ.વિ.કું.લી.:ભાવનગર.** |

તારીખ :–૧૫/૦૯/૨૦૧૮

Grievance Redressal Forum
P.G.V.C.L.
Bhavnagar